# કેરીએ મહિલાનો જીવ લીધો, વાડીની કેરી તોડતા પતાવી દીધી

**વલસાડના** વાંકલ ગામે વાડીના રખેવાલ સગીર સાથેનો ઝઘડો હત્યા સુધી પહોંચ્યો



વલસાડઃ વલસાડ જિલ્લાના વાંકલ ગામમાં આવેલી આંબાની વાડીમાંથી ગત 2 જૂનના રોજ એક આધેડ મહિલાની શંકાસ્પદ હાલતમાં લાશ મળી આવતાં સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ હતી. વલસાડ એલસીબીએ હત્યાના ગુનાનો ગણતરીના કલાકોમાં ભેદ ઉકેલી નાખ્યો છે અને ગુનામાં સંડોવાયેલા એક કાયદાના સંઘર્ષમાં આવેલા સગીરને પકડી પાડ્યો છે.

વાંકલ ગામના બ્રાહ્મણ ફળિયામાં રહેતા આધેડ વયના તુલસીબેન હીરાભાઈ પટેલ ૨ જૂન, ૨૦૨૬ના રોજ બપોરે ખેતરમાં કામ કરવા ગયા હતાં. મોડી રાત સુધી તેઓ ઘરે પરત ન ફરતાં પરિવારજનોએ શોધખોળ હાથ ધરી હતી. તપાસ દરમિયાન ગામમાં જ આવેલી હિતેશભાઈ રામુભાઈ સોલંકી (માલિકી હિતેન્દ્રસિંહ પરમાર)ની આંબાની વાડીમાંથી તુલસીબેનની લાશ શંકાસ્પદ હાલતમાં મળી આવી હતી. વલસાડ રૂરલ પોલીસે શરૂઆતમાં અકસ્માત મોતનો ગુનો નોંધી લાશને વલસાડ સિવિલ હોસ્પિટલ ખાતે ફોરેન્સિક પોસ્ટમોર્ટમ (PM) માટે મોકલી આપી હતી. પીએમ રિપોર્ટમાં મેડિકલ ઓફિસર દ્વારા ખુલાસો કરવામાં આવ્યો હતો કે મહિલાનું મોત ગળું અને મોઢું દબાવવાના કારણે શ્વાસ રૂંધાવાથી થયું છે. આ આધારે મૃતકની દીકરીની ફરિયાદ પરથી વલસાડ રૂરલ પોલીસ સ્ટેશનમાં અજાણ્યા ઈસમ વિરુદ્ધ હત્યાનો ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

## કેરીઓ લેવા વારંવાર આવતી મહિલાને સગીરે આવવાની ના પાડી હતી

પોલીસ તપાસમાં સામે આવ્યું કે જે આંબાવાડીમાંથી લાશ મળી હતી, તે વાડી ચાલુ સીઝન માટે ગૌતમભાઈ રમેશભાઈ સોલંકી (રહે., જસદણ, રાજકોટ, હાલ રહે., ખેરલાવ, વલસાડ)એ રાખેલી હતી. આ વાડીની દેખરેખ ગૌતમભાઈ અને તેનો કાકાનો સગીર વયનો દીકરો રાખતા હતા. બાતમીદારોના આધારે પોલીસને માહિતી મળી કે, મૃતક તુલસીબેન અવારનવાર આ વાડીમાં પાકેલી કેરીઓ લેવા જતાં હતા અને વાડીના રખેવાળ સગીરે તેમને ત્યાં આવવાની ના પાડી હતી. તેમ છતાં ૨ જૂનના રોજ બપોરે તુલસીબેન ફરીથી વાડીમાં કેરી લેવા ગયા હતાં. જ્યાં થયેલો ઝઘડો હત્યાં સુધી પહોંચ્યો હતો.

## છાતી પર બેસી મોઢું, ગળું દબાવી મોત નીપજાવ્યું

પોલીસે આ ઘટનાને અંજામ આપનાર સગીરની અટકાયત કરી ઊંડાણપૂર્વક પૂછપરછ કરતાં તેણે ગુનાની કબૂલાત કરતા જણાવ્યું કે, કેરી લેવા બાબતે બંને વચ્ચે ઉગ્ર બોલાચાલી અને ઝઘડો થયો હતો. ગુસ્સામાં આવીને તેણે તુલસીબેનને માટીનું ઢેફું માર્યું હતું અને પાછળથી ગળું પકડી નીચે પછાડી દીધા હતાં. ત્યારબાદ તેમની છાતી પર બેસી જઈ મોઢું અને ગળું દબાવી તેમની હત્યા કરી દીધી હતી.

# નવસારી રેલવે સ્ટેશન પરથી સુરતના વેપારીના મોબાઈલની ચોરી

વલસાડઃ સુરતના અડાજણ વિસ્તારમાં આવેલા એલ.પી. સવાણી રોડ પર, જલારામ મંદિરની પાછળ ઋગ્વેદ બંગ્લોઝમાં રહેતા ૪૧ વર્ષીય વેપારી નિલેશ જીવનભાઈ માંગુકિયાનો દીકરો જય નવસારીથી દાદર જવાનો હતો. તેઓ પોતાના દીકરાને મૂકવા સુરતથી નવસારી રેલવે સ્ટેશન આવ્યા હતા. ટ્રેનમાં ચડતી વખતે અથવા સ્ટેશન પર ભીડનો લાભ ઉઠાવીને કોઈ અજાણ્યો ઈસમ તેમના પેન્ટના ખિસ્સામાંથી કિંમતી આઈફોન ચોરી કરીને નાસી ગયો હતો. ચોરાયેલો ફોન આશરે રૂ. ૧,૩૮,૯૦૦/ની કિંમતનો ગોલ્ડ કલરનો iPhone 16 Pro હતો. નિલેશભાઈએ ૩ જૂને વલસાડ રેલવે પોલીસ મથકે લેખિત ફરિયાદ નોંધાવી હતી. વધુ તપાસ એએસઆઈ મહેશકુમાર બાંગેશભાઈ વાઘ ચલાવી રહ્યા છે.

# ધારાગીરીમાં બે માસૂમનાં ગૂંગળામણથી મોત થયાં હતાં

**સાડા** ત્રણ વર્ષથી ગેરેજમાં પડેલી બિનઉપયોગી કારમાં રમતાં રમતાં ફસાયાં બાળકો; પીએમ રિપોર્ટથી સ્થિતિ સ્પષ્ટ થઈ

નવસારીઃ નવસારીના ધારાગીરી વિસ્તારમાં બનેલી બે માસૂમ બાળકોના કરુણ મોતની ઘટનામાં પોસ્ટમોર્ટમના પ્રાથમિક રિપોર્ટ બાદ ઘટનાક્રમ વધુ સ્પષ્ટ બન્યો છે. તપાસ અધિકારીઓના જણાવ્યા અનુસાર બંને બાળકોના મોત ગૂંગળામણના કારણે થયા હોવાનું સામે આવ્યું છે. રમવાની ઉંમરે બે નિર્દોષ બાળકો માટે એક બંધ કાર મોતનો કાળો કૂવો સાબિત થઈ હતી. આ દુર્ઘટનાએ માત્ર પરિવારજનોને જ નહીં પરંતુ સમગ્ર નવસારી શહેરને હચમચાવી નાખ્યું છે.

મળતી માહિતી મુજબ ધારાગીરી વિસ્તારમાં માતા સાથે રહેતા બંને બાળકો બુધવારે સવારે ઘરેથી બહાર નીકળ્યા હતા. પરિવારજનોને તેમણે ટોયલેટ માટે જઈ રહ્યા હોવાનું જણાવ્યું હતું. જોકે કલાકો વીતી ગયા છતાં તેઓ ઘરે પરત ન ફરતા પરિવારજનો ચિંતિત બન્યા હતા અને આસપાસના વિસ્તારોમાં શોધખોળ શરૂ કરી હતી. સંબંધીઓ, પડોશીઓ અને સ્થાનિક લોકોએ પણ બાળકોને શોધવાના પ્રયાસો હાથ ધર્યા હતા.

શોધખોળ દરમિયાન વિસ્તારની એક મહિલાની નજર નજીક આવેલા ગેરેજમાં લાંબા સમયથી ઊભેલી એક બંધ કાર પર પડી હતી. શંકા જતાં કારની અંદર તપાસ કરવામાં આવતા બંને બાળકો બેભાન હાલતમાં જોવા મળ્યા હતા. તાત્કાલિક પોલીસને જાણ કરવામાં આવી હતી, પરંતુ ત્યાં સુધીમાં બંનેના મોત થઈ ચૂક્યા હતા. ઘટનાની જાણ થતાં સમગ્ર વિસ્તારમાં ભારે અરેરાટી અને ગમગીનીનો માહોલ છવાઈ ગયો હતો.

પોલીસે ઘટનાસ્થળે પહોંચી તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન સામે આવ્યું કે બાળકો રમતા રમતા ગેરેજમાં પ્રવેશ્યા હતા અને ત્યાં ઊભેલી બંધ કારની અંદર જઈ બેઠા હતા. ત્યારબાદ કોઈ કારણસર કારનો દરવાજો બંધ થઈ ગયો હતો. નાની ઉંમરના બાળકો માટે દરવાજો ખોલવો શક્ય ન બનતાં તેઓ કારની અંદર જ ફસાઈ ગયા હતા. બપોરના ગરમ વાતાવરણ અને હવાની અવરજવર ન હોવાથી કારની અંદર ઓક્સિજનનું પ્રમાણ ઘટી જતાં બંને બાળકો ગૂંગળાઈ ગયા હોવાનું અનુમાન હતું, જેને હવે પોસ્ટમોર્ટમના પ્રાથમિક રિપોર્ટથી પણ સમર્થન મળ્યું છે.

તપાસમાં વધુ એક મહત્વની હકીકત સામે આવી છે. જે કારમાં બાળકોના મૃતદેહ મળી આવ્યા હતા તે કાર નંબર GJ-05-CF-9512 નવસારીના અગ્રવાલ કોલેજ વિસ્તાર નજીક રહેતા સંદીપભાઈ દેસાઈની માલિકીની હોવાનું પોલીસ તપાસમાં જાણવા મળ્યું છે. આ કાર રિપેરિંગ માટે ગેરેજમાં મુકવામાં આવી હતી. જોકે માલિક પાસે મરામત માટે જરૂરી નાણાં ઉપલબ્ધ ન હોવાથી કારનું રિપેરિંગ પૂર્ણ થઈ શક્યું નહોતું અને વાહન પાછું લઈ જવામાં આવ્યું નહોતું. પરિણામે આ કાર છેલ્લા અંદાજે સાડા ત્રણ વર્ષથી ગેરેજમાં જ બિનઉપયોગી અને બંધ હાલતમાં પડી રહી હતી.

એક તરફ વર્ષોથી પડેલી નિષ્ક્રિય કાર અને બીજી તરફ બાળકોની નિર્દોષ રમત... આ બંને પરિસ્થિતિઓનું દુઃખદ મિલન આખરે બે પરિવારો માટે જીવનભરનું દુઃખ બની ગયું. ઘટનાએ ગેરેજ સંચાલકોની જવાબદારી, બિનવારસી હાલતમાં પડેલા વાહનોની સુરક્ષા અને બાળકો માટે જોખમી બની શકે તેવી જગ્યાઓ અંગે ગંભીર ચર્ચા ઊભી કરી છે. પોલીસ દ્વારા સમગ્ર મામલે વધુ તપાસ હાથ ધરવામાં આવી છે. સાથે જ સ્થાનિકોમાં પણ માંગ ઉઠી રહી છે કે શહેરના ગેરેજો, વર્કશોપો અને જાહેર સ્થળોએ વર્ષોથી પડેલા બિનઉપયોગી વાહનો અંગે યોગ્ય માર્ગદર્શિકા અને સુરક્ષા વ્યવસ્થા અમલમાં મુકવામાં આવે, જેથી ભવિષ્યમાં આવી કોઈ કરુણ ઘટના ફરી ન બને.

## આજે વિશ્વ પર્યાવરણ દિવસઃ આદિવાસીઓનો પ્રકૃતિ પ્રેમ અકબંધ



નિલેશ કાપડીયા

વાંસદાઃ દક્ષિણ ગુજરાતના ડાંગ, વલસાડ, તાપી અને વાંસદા વિસ્તારના આદિવાસી સમાજની જીવનશૈલી પર્યાવરણ સંરક્ષણનું જીવંત ઉદાહરણ છે. સદીઓથી આદિવાસીઓ જંગલો, નદીઓ, પર્વતો અને જૈવિક વૈવિધ્યતા સાથે ગાઢ સંબંધ જાળવીને જીવન જીવતા આવ્યા છે. તેઓ કુદરતને માત્ર સંસાધન તરીકે નહીં, પરંતુ જીવનદાતા અને પૂજનીય તત્વ તરીકે માને છે. આદિવાસી સમાજમાં વૃક્ષોનું જતન, પાણીના સ્ત્રોતોની સુરક્ષા, જંગલી જીવસૃષ્ટિ પ્રત્યે સંવેદના અને જરૂરિયાત મુજબ જ કુદરતી સંસાધનોનો ઉપયોગ કરવાની પરંપરા જોવા મળે છે. તેમના તહેવારો, લોક સંસ્કૃતિ અને ધાર્મિક માન્યતાઓ પણ પ્રકૃતિ સાથે ગાઢ રીતે જોડાયેલા છે. પરિણામે, જ્યાં આદિવાસી સમાજનો પ્રભાવ વધુ છે ત્યાં જંગલો અને પર્યાવરણનું સંતુલન પણ મોટા પ્રમાણમાં જળવાઈ રહ્યું છે.

# વેસ્મા-ઉભરાટ હાઈવે પર હિટ એન્ડ રનઃ સ્કોર્પિયોની ટક્કરે યુવકને ગંભીર ઈજા

નવસારીઃ નવસારી જિલ્લાના વેસ્મા-ઉભરાટ સ્ટેટ હાઈવે પર હિટ એન્ડ રનની ઘટના બની હતી. મોપેડ નંબર GJ-05-W-7408 પર જઈ રહેલા એક યુવકને પૂરઝડપે આવી રહેલી સફેદ રંગની સ્કોર્પિયો કારના ચાલકે જોરદાર ટક્કર મારતા તે ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો હતો. અકસ્માતની તીવ્રતા એટલી હતી કે યુવક મોપેડ સહિત રોડ પર ફંગોળાઈ ગયો હતો અને તેના પગમાં ફ્રેક્ચર સહિત શરીરના વિવિધ ભાગોમાં ઈજાઓ પહોંચી હતી.

અકસ્માત બાદ સ્કોર્પિયોનો ચાલક ઈજાગ્રસ્તને મદદ કર્યા વગર જ વાહન લઈને સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો. ઘટનાને પગલે સ્થાનિક લોકો તાત્કાલિક મદદ માટે દોડી આવ્યા હતા અને ઈમરજન્સી એમ્બ્યુલન્સ સેવાને જાણ કરી હતી. પ્રાથમિક સારવાર બાદ યુવકની હાલત ગંભીર જણાતા તેને વધુ સારવાર માટે સુરતની ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો.

પોલીસે ઘટનાની નોંધ લઈ ફરાર વાહનચાલકને શોધવા માટે તપાસ શરૂ કરી છે. સીસીટીવી ફૂટેજ અને અન્ય પુરાવાઓના આધારે સ્કોર્પિયો કારની ઓળખ મેળવવાના પ્રયાસો હાથ ધરાયા છે. પોલીસે જણાવ્યું છે કે ઓવરસ્પીડિંગ અને બેદરકાર વાહનચાલન સામે કડક કાર્યવાહી કરવામાં આવશે. આ ઘટનાએ હાઈવે પર વધતી બેફામ ગતિ સામે ફરી એકવાર ચિંતા ઊભી કરી છે.

# વાપીની ફાર્મા કંપની સાથે રૂ.૨૭.૮૩ લાખની સાયબર છેતરપિંડીની ફરિયાદ

**વિદેશી** વેપારી સાથે ચાલી રહેલી વાતમાં વચ્ચે સાયબર ગઠિયા ત્રાટક્યા, નકલી ઇમેલ બનાવી માતબર રકમ પોતાના બેંક ખાતામાં જમા કરાવી લીધી

વલસાડઃ વલસાડ જિલ્લાના વાપી ટાઉનમાં આવેલી એક જાણીતી ફાર્મા કંપની સાથે ૨૭.૮૩ લાખથી વધુ રકમની ઓનલાઈન છેતરપિંડી (સાયબર ફ્રોડ) થવાનો મામલો સામે આવ્યો છે. વિદેશી વેપારી સાથે ચાલી રહેલી ડીલ દરમિયાન અજાણ્યા સાયબર ગઠિયાએ કંપનીના ઓફિશિયલ ઈમેલ આઈડી જેવું જ મળતું આવે તેવું બોગસ ઈમેલ આઈડી બનાવી, બેંક ખાતાની ખોટી વિગતો મોકલી આ આખી ઠગાઈને અંજામ આપ્યો છે.

વાપી સીલવાસા રોડ સ્થિત ઈન્જેક્ટ કેર પેરેન્ટેરલ્સ પ્રાઈવેટ લિમિટેડ કંપનીમાં છેલ્લાં ૧૫ વર્ષથી એકાઉન્ટન્ટ તરીકે ફરજ બજાવતા નિકુંજ સુરેશભાઈ પટેલે આ મામલે ફરિયાદ નોંધાવી છે. આ કંપની દવા બનાવવાનું કામ કરે છે અને હંગરીની 'SGS PHARMA MAGYARO RSZAG KFT' કંપનીના માલિક સીસીર ગુપ્તા સાથે છેલ્લાં બે વર્ષથી ધંધાકીય વ્યવહાર ધરાવે છે. તાજેતરમાં બંને કંપનીઓ વચ્ચે ૨૫,૦૦૦ યુરો (કન્સલ્ટિંગ ચાર્જ) અંગે ઈમેલ મારફતે વાતચીત ચાલી રહી હતી. આ વાતચીત દરમિયાન ગત ૧૯ મેએ ફરિયાદીની કંપનીના ઈમેલ પર સીસીર ગુપ્તાના નામે એક ઈમેલ આવ્યો હતો, જેમાં જણાવાયું હતું કે કોમર્ઝ બેંકમાં વિલંબ થતો હોવાને કારણે તેઓએ નવી બેંક (Landesbank Baden-Wrttemberg)ની વિગતો મોકલી છે અને તે મુજબ પેમેન્ટ કરવા વિનંતી કરી હતી. આ ઈમેલ સાથે 'SGS PHARMA'ના નામે એક ફેક બેંક લેટર અને એકાઉન્ટ નંબર (DE89600501017008938706) પણ અટેચ કરેલો હતો.

કંપનીના એકાઉન્ટન્ટ નિકુંજે આ વિગતો સાચી માનીને ૨૫ મે ૨૦૨૬ના રોજ પોતાની એક્સિસ બેંક (વાપી બ્રાંચ)માંથી કુલ ૨૭,૮૩,૨૬૦.૯૦ (૨૫,૦૦૦ યુરો) તે ખોટા ખાતામાં ટ્રાન્સફર કરી દીધા હતા. ત્યારબાદ ગત ૨૬ મેના રોજ અસલી વેપારી સીસીર ગુપ્તાએ નિકુંજ પટેલના વોટ્સએપ નંબર પર પેમેન્ટ અંગે પૂછપરછ કરી હતી. નિકુંજે તેમને પેમેન્ટનો સ્વિફ્ટ (SWIFT) મેસેજ મોકલતા સીસીર ગુપ્તા ચોંકી ગયા હતા, કારણ કે તે બેંક એકાઉન્ટ તેમનું નહોતું. વધુ તપાસ કરતા માલુમ પડ્યું કે જે ઈમેલ આઈડી પરથી બેંક વિગતો આવી હતી તે સીસીર ગુપ્તાનું અસલી આઈડી નહોતું પરંતુ સાયબર ગુનેગારોએ બનાવેલું બોગસ આઈડી હતું અને કંપની 'મેન ઈન ધ મિડલ' (MITM) સાયબર એટેકનો ભોગ બની હતી.

પોતાની સાથે મોટી છેતરપિંડી થઈ હોવાનું જણાતા જ કંપનીએ તાત્કાલિક સાયબર ક્રાઈમ હેલ્પલાઈન નંબર ૧૯૩૦ પર ફરિયાદ નોંધાવી હતી. ત્યારબાદ ૩ જૂન ૨૦૨૬ના રોજ વલસાડ સાયબર પોલીસ મથકે અજાણ્યા ઠગો વિરુદ્ધ ગુનો દાખલ કરવામાં આવ્યો છે. સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર હિરલબેન ઘેમરભાઈ રબારી આ મામલે વધુ તપાસ ચલાવી રહ્યા છે અને છેતરાયેલી રકમ ક્યાં ટ્રાન્સફર થઈ છે તે દિશામાં ચક્રો ગતિમાન કર્યા છે.

# વાપીમાં અર્થવ્યૂહ વિશે કાલથી બે દિવસીય રાષ્ટ્રીય સ્તરના સેમિનારનો પ્રારંભ

વાપીઃ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઓફ ઈન્ડિયા (ICAI) ની વાપી બ્રાન્ચ (WIRC) દ્વારા આગામી ૬ અને ૭ જૂન ૨૦૨૬ દરમિયાન બે દિવસીય પ્રથમ નેશનલ કોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું છે. ટુકવાડા સ્થિત અવધ યુટોપિયામાં યોજાનારી આ રાષ્ટ્રીય કોન્ફરન્સને 'અર્થવ્યૂહ ૨૦૨૬' નામ આપવામાં આવ્યું છે, જેનો મુખ્ય વિષય 'ડીકોડિંગ ધ સ્ટેટેજીસ ઓફ કેપિટલ માર્કેટ' રાખવામાં આવ્યો છે.

આ આયોજન અંગે વિગતો આપતા સીએ બ્રાન્ચના હોદ્દેદારોએ જણાવ્યું હતું કે, ભારતીય શેરબજાર અને મૂડીબજાર ઝડપથી વિકસી રહ્યા છે ત્યારે પ્રોફેશનલ્સ અને રોકાણકારો માટે આ કોન્ફરન્સ મહત્વપૂર્ણ સાબિત થશે. બે દિવસીય આ સેમિનારમાં દેશના જાણીતા નાણાકીય નિષ્ણાતો અને માર્કેટ લીડર્સ ઉપસ્થિત રહીને પાવર-પેક્ડ ટેકનિકલ સેશન્સ તેમજ પેનલ ડિસ્કશન દ્વારા પોતાના અનુભવો અને સચોટ વ્યૂહરચનાઓ શેર કરશે. આ ઉપરાંત કોન્ફરન્સમાં સ્માર્ટ ઈન્વેસ્ટિંગ સ્ટેટેજીસ, નેટવર્કિંગની ઉત્તમ તકો અને માર્કેટના આધુનિક પ્રવાહો પર વિસ્તૃત ચર્ચા-વિચારણા કરવામાં આવશે.

# આસુરા ગામે ગેરકાયદે દબાણ પર પંચાયતનું બુલડોઝર ફરી વળ્યું

**કોર્ટમાં** કરવામાં આવેલી દાવા અરજી રદ થતાં આસુરા ગ્રામ પંચાયતની કાર્યવાહી

ધરમપુરઃ ધરમપુર તાલુકાના આસુરા ગામે ગેરકાયદેસર દબાણો અને બિનઅધિકૃત બાંધકામો સામે ગ્રામ પંચાયત દ્વારા ફરી એકવાર કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. અગાઉ કોર્ટમાં કરવામાં આવેલી દાવા અરજી રદ થતાં આસુરા ગ્રામ પંચાયત દ્વારા JCB મશીનની મદદથી ડિમોલીશન કાર્યવાહી કરવામાં આવી હતી.



આસીફ શેખ

મળતી માહિતી મુજબ બ્લોક/સર્વે નં. 525 (જૂનો સરવે નં. 243 તથા 128) વિસ્તારમાં લાંબા સમયથી ગેરકાયદેસર રીતે ઉભા કરાયેલા માળખાઓ અને દબાણો અંગે વિવિધ કચેરીઓમાં રજૂઆતો કરવામાં આવી હતી. ત્યારબાદ તાલુકા વિકાસ અધિકારી તથા મહેસૂલ તંત્રના માર્ગદર્શન હેઠળ જમીન મહેસૂલ કાયદાની કલમ-67 મુજબ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. તપાસ દરમિયાન આશરે 8,670 ચોરસ મીટર વિસ્તારમાં શરતભંગ નોંધાતા સંબંધિત પક્ષને રૂ. 86,700નો દંડ પણ ફટકારવામાં આવ્યો હતો.

સરપંચ સંજયભાઈએ જણાવ્યું હતું કે, ગામના વિકાસમાં અવરોધરૂપ બનતા ગેરકાયદેસર દબાણોને કોઈપણ સંજોગોમાં ચલાવી લેવામાં આવશે નહીં અને કાયદા મુજબની કાર્યવાહી ભવિષ્યમાં પણ ચાલુ રહેશે. ગ્રામ પંચાયત દ્વારા તમામ દબાણો દૂર કરી ડિમોલીશનની કાર્યવાહી સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં આવી હતી.

# નવસારીમાં કચરાપેટી નથી, ગાડી નથી છતાં દંડની લાઠી!

**મનપાની** કાર્યવાહી સામે માછલી માર્કેટના વેપારીઓમાં ઉગ્ર રોષ, 'પહેલા સુવિધા આપો, પછી નિયમો શીખવો'

**મહિલા** નગરસેવિકાએ પણ વેપારીઓની વ્યથા સાંભળી તેમની માંગને વાજબી ગણાવી

નવસારીઃ નવસારી મહાનગરપાલિકા દ્વારા શહેરને સ્વચ્છ બનાવવાના દાવાઓ વચ્ચે માછલી માર્કેટના વેપારીઓ પર કરવામાં આવેલી દંડની કાર્યવાહી હવે વિવાદના કેન્દ્રમાં આવી છે. દંડ વસૂલવાની કાર્યવાહી બાદ વેપારીઓ અને સમાજના આગેવાનો ખુલ્લેઆમ મેદાનમાં ઉતર્યા છે અને મનપાની સ્વચ્છતા વ્યવસ્થાની હકીકત સામે ગંભીર સવાલો ઊભા કર્યા છે.

વેપારીઓનું કહેવું છે કે શહેરના અનેક વિસ્તારોમાં આજે પણ પૂરતી કચરાપેટીઓ ઉપલબ્ધ નથી, કચરો એકત્રિત કરવા માટેની ગાડીઓ નિયમિત આવતી નથી અને સફાઈ વ્યવસ્થામાં અનેક ખામીઓ જોવા મળે છે. આવી સ્થિતિમાં કચરાના યોગ્ય નિકાલ માટે જરૂરી સુવિધાઓ જ ન હોય તો વેપારીઓને દોષી ઠેરવી દંડ ફટકારવો કેટલો યોગ્ય છે તેવો સવાલ ઉઠી રહ્યો છે. નવસારી કહાર સમાજના અગ્રણી અશ્વિન કહારે મનપા સામે આકરા શબ્દોમાં પ્રતિક્રિયા આપતા જણાવ્યું હતું કે શહેરમાં કચરાના વૈજ્ઞાનિક નિકાલ અને નિયમિત ઉપાડની જવાબદારી મહાનગરપાલિકાની છે. જો તંત્ર મૂળભૂત સુવિધાઓ પૂરી પાડવામાં નિષ્ફળ રહે અને પછી માત્ર દંડની કાર્યવાહી કરીને પોતાની ફરજ પૂર્ણ થયાનો દેખાવ કરે તો તે નાગરિકો અને વેપારીઓ સાથે અન્યાય સમાન છે. વેપારીઓએ માંગ કરી છે કે મનપા પહેલા બજારો અને જાહેર વિસ્તારોમાં પૂરતી કચરાપેટીઓ મૂકે, કચરો ઉપાડવાના વાહનોની સંખ્યા વધારે અને સફાઈ વ્યવસ્થાને મજબૂત બનાવે. ત્યારબાદ નિયમોના અમલ માટે કડક કાર્યવાહી કરવામાં આવે તો કોઈને વાંધો નહીં હોય. હાલની સ્થિતિમાં દંડ વસૂલવાની નીતિ માત્ર આવક ઊભી કરવાનો પ્રયાસ હોવાનું પણ કેટલાક વેપારીઓમાં ચર્ચાઈ રહ્યું છે.

આ માછલી વેચતા વેપારીઓના સમાજમાંથી ચૂંટાયેલા મહિલા નગરસેવિકાએ પણ વેપારીઓની વ્યથા સાંભળી તેમની માંગને વાજબી ગણાવી હોવાનું જાણવા મળે છે.

# વલસાડ ખાણ ખનીજ વિભાગની કાર્યવાહી, 50 લાખની મતા સીઝ



વલસાડઃ વલસાડ ખાણ ખનીજ વિભાગે કપરાડા તાલુકાના અને સંઘ પ્રદેશ દાદરા નગર હવેલીને અડીને આવેલા માલુંગી ગામની દમણ ગંગા નદીમાં ઓચિંતી તપાસ કરતાં સ્થાનિકે નદીમાં સાદી રેતી ખનિજનું ગેરકાયદેસર ખનન- વહન કરતાં હોવાનું જણાતાં સ્થળ ઉપર ગેરકાયદે રેતી ખનન વહન માટે ઉપયોગ કરવામાં આવેલા 1 જેસીબી મશીન, 1 સાદી રેતી ભરેલી ટ્રક તથા ભાટી ગામ ખાતેથી સાદી રેતી ખનીજ ભરી વહન કરવા બદલ 1 ટ્રકને સીઝ કરવામાં આવી હતી. અંદાજે રૂપિયા 50 લાખ નો મુદ્દામાલ સીઝ કરી ગુજરાત ખનીજ (ખાણકામ/ વહન/ સંગ્રહ) નિવારણ નિયમ-2017 મુજબ નિયમાનુસાર કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ખાણ ખનીજ વિભાગની કાર્યવાહીના પગલે રેતી માફિયાઓમાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો છે.

# નવસારીમાં લગ્ન નોંધણી માટે અરજી એપ્રિલમાં, સર્ટિફિકેટ જૂનમાં પણ નહીં!

**નવસારી** મનપાના લગ્ન નોંધણી વિભાગની ઢીલી કામગીરીથી અરજદારોમાં રોષ, એક સહી માટે બે મહિનાની રાહ કેમ?

નવસારીઃ નવસારી મહાનગરપાલિકાના લગ્ન નોંધણી વિભાગની કાર્યપદ્ધતિ ફરી એકવાર સવાલોના ઘેરામાં આવી છે. લગ્ન નોંધણી માટે જરૂરી તમામ કાયદેસરની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ પણ બે મહિનાથી વધુ સમય વીતી જવા છતાં મેરેજ સર્ટિફિકેટ જારી ન થતાં અરજદારો અને તેમના એડવોકેટમાં ભારે રોષ ફેલાયો છે.

મળતી માહિતી મુજબ ધર્મેશ સોલંકીના લગ્ન 10 ફેબ્રુઆરી, 2026ના રોજ સંપન્ન થયા હતા. ત્યારબાદ એપ્રિલ માસના પ્રથમ સપ્તાહમાં લગ્ન નોંધણી માટે તમામ જરૂરી દસ્તાવેજો, પુરાવાઓ અને કાયદેસરની કાર્યવાહી પૂર્ણ કરવામાં આવી હતી. અરજદાર પક્ષ અને સાક્ષીઓએ કચેરીમાં હાજર રહી જરૂરી સહીઓ પણ કરી આપી હતી. આમ છતાં આજે બે મહિનાથી વધુ સમય વીતી જવા છતાં મેરેજ સર્ટિફિકેટ જારી કરવામાં આવ્યું નથી.

અરજદાર પક્ષના એડવોકેટ ભરત આર. કટારિયાના જણાવ્યા મુજબ અનેક વખત કચેરીનો સંપર્ક કરવા છતાં દર વખતે એક જ જવાબ આપવામાં આવે છે કે ફાઈલ રજિસ્ટ્રારની સહી માટે પેન્ડિંગ છે. પ્રશ્ન એ છે કે જો તમામ પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ હોય તો માત્ર એક સહી માટે બે મહિના જેટલો સમય કેમ લાગી રહ્યો છે? શું કચેરીમાં જવાબદારીનો અભાવ છે કે પછી અરજદારોને બિનજરૂરી રીતે ધક્કા ખવડાવવામાં આવી રહ્યા છે?

નાગરિકોમાં એવી પણ ચર્ચા છે કે સામાન્ય લોકોના કામોમાં વિલંબ કરવો અને ફાઈલોને લાંબા સમય સુધી પેન્ડિંગ રાખવી હવે કેટલાક વિભાગોમાં સામાન્ય બાબત બની ગઈ છે. ડિજિટલ યુગમાં, જ્યાં અનેક સેવાઓ દિવસો કે કલાકોમાં પૂર્ણ થતી હોય છે, ત્યાં એક મેરેજ સર્ટિફિકેટ માટે બે મહિનાથી વધુ સમય સુધી રાહ જોવી પડે તે ચિંતાજનક બાબત છે.

મેરેજ સર્ટિફિકેટ માત્ર એક દસ્તાવેજ નથી, પરંતુ પાસપોર્ટ, વિઝા, બેંકિંગ, વીમા અને અન્ય અનેક કાનૂની પ્રક્રિયાઓ માટે જરૂરી પુરાવો છે. આવા મહત્વના દસ્તાવેજો સમયસર ન મળતા અરજદારોને સીધી અસર ભોગવવી પડે છે. છતાં જવાબદાર અધિકારીઓ દ્વારા ફાઈલના નિકાલમાં ગંભીરતા દાખવવામાં આવી રહી નથી તેવી લાગણી અરજદારોમાં જોવા મળી રહી છે.

હવે સવાલ એ છે કે જો સામાન્ય નાગરિક પાસેથી દરેક નિયમનું કડક પાલન કરાવવામાં આવે છે, તો સરકારી કચેરીઓ માટે કોઈ સમયમર્યાદા અને જવાબદારી નક્કી કરવામાં આવી છે કે નહીં? નવસારી મહાનગરપાલિકા તંત્ર આ મામલે તાત્કાલિક ધ્યાન આપી પેન્ડિંગ ફાઈલનો નિકાલ કરે અને આવા વિલંબ માટે જવાબદાર તત્વોની જવાબદારી પણ નક્કી કરે તેવી માંગ ઉઠી રહી છે.

# વિજલપોરમાં પાર્કિંગ મુદ્દે થયેલા વિવાદ બાદ પરિવારની પોલીસ સમક્ષ રજૂઆત

**મારામારી**, ઘરમાં નુકસાન અને દાગીના ગુમ થયાની ફરિયાદ, તપાસની માંગ

નવસારીઃ નવસારીના વિજલપોર વિસ્તારના કૃષ્ણા નગરમાં પાર્કિંગ મુદ્દે થયેલા વિવાદ બાદ એક પરિવારે વિજલપોર પોલીસ મથકે લેખિત રજૂઆત કરી સમગ્ર ઘટનાની તપાસ અને યોગ્ય કાર્યવાહી કરવાની માંગ કરી છે. પરિવારના જણાવ્યા મુજબ સામાન્ય બોલાચાલી બાદ બનેલી ઘટનામાં પરિવારના સભ્યોને ઈજાઓ પહોંચી હોવા ઉપરાંત ઘરમાં નુકસાન અને દાગીના ગુમ થયાની ફરિયાદ પણ કરવામાં આવી છે.

ફરિયાદી અનિલ ગુપ્તાના મકાનમાં હાલમાં રિનોવેશનનું કામ ચાલી રહ્યું હોવાથી વાહન પાર્કિંગને લઈને પડોશીઓ સાથે ચર્ચા થઈ હતી. આ દરમિયાન બંને પક્ષો વચ્ચે બોલાચાલી સર્જાઈ હતી. ફરિયાદી પરિવારના જણાવ્યા મુજબ ત્યારબાદ વાતાવરણ તંગ બન્યું હતું, જોકે શરૂઆતમાં મામલો શાંત થઈ ગયો હોવાનું લાગતું હતું. બાદમાં કેટલાક લોકો તેમના ઘરે આવ્યા હતા, જ્યાં બંને પક્ષો વચ્ચે ફરીથી ઉગ્ર બોલાચાલી અને ઝપાઝપી થઈ હતી. આ ઘટનામાં પરિવારના વૃદ્ધ સહિત કેટલાક સભ્યોને ઈજાઓ પહોંચી હોવાનું જણાવાયું છે. સાથે જ ઘરમાં નુકસાન થયું હોવાનો અને કેટલાક સોનાના દાગીના ગુમ થયાનો પણ આક્ષેપ કરવામાં આવ્યો છે.

પોલીસ દ્વારા બંને પક્ષોનાં નિવેદનો અને ઉપલબ્ધ પુરાવાઓના આધારે તપાસ હાથ ધરવામાં આવશે. તપાસ પૂર્ણ થયા બાદ જ સમગ્ર ઘટનાની વાસ્તવિક પરિસ્થિતિ સ્પષ્ટ થઈ શકશે.

વિસ્તારના રહેવાસીઓએ પણ આ મામલે શાંતિપૂર્ણ ઉકેલ આવે અને બંને પક્ષો કાયદાકીય પ્રક્રિયા પર વિશ્વાસ રાખે તેવી આશા વ્યક્ત કરી છે. સ્થાનિકોનું માનવું છે કે આવા વિવાદોનો ઉકેલ ચર્ચા અને કાયદેસર પ્રક્રિયા દ્વારા આવે તે સૌના હિતમાં છે.